**<u>વાપીના મહે.બીજા એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.</u>**

**ફરીયાદી : શ્રી સરકાર**

**// વિરૂધ્ધ //**

**આરોપી : દિગંબર તેજનારાયણ ઝા**

**ગુન્હો : ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬ (૧) ( ઈ) મુજબ.**

-------------------------------------

**<u>//હુકમ//</u>**

(૧) આ કામે આરોપી વિરૂદ્ધ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)(ઈ) અન્વયેના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપ સબબ સંબંધિત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા મળી આવેલા હોય, આ નામદાર કોર્ટ સમક્ષ નિયમાનુસારનું તહોમતનામું (ચાર્જશીટ) રજૂ કરવામાં આવતા સદરહુ ફોજદારી કેસ આ અદાલતના ફોજદારી રજિસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ, આ કામના આરોપી અત્રેની અદાલત સમક્ષ રૂબરૂ હાજર થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ના કાયદા મુજબ આરોપીને કેસને લગતા તમામ પોલીસ કાગળોની નકલો વિનામૂલ્યે પૂરી પાડી, તે અંગેની ખાતરી કરવામાં આવેલ છે. તે પછી, આરોપી વિરૂદ્ધ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)(ઈ) મુજબના ગુના અંગેની પ્લી અદાલતના રેકર્ડ પર લેવામાં આવેલ છે. સદરહુ ગુનાના જવાબમાં આરોપીએ કોઈપણ પ્રકારના દબાણ, ડર કે લાલચ વગર, પોતાની સ્વેચ્છાએ અને શુદ્ધ બુદ્ધિથી પોતાનો ગુનો સ્વીકારીને તે અંગેની 'ગુના કબૂલાત પુરસીશ' અદાલત સમક્ષ રજૂ કરેલ છે અને ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે. આરોપીએ પોતાની પુરસીશમાં વધુમાં એવી રજૂઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે, પૂર્વે તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી અને પોતાની આ ભૂલ સુધારી

ભવિષ્યમાં સદાચારી નાગરિક તરીકે રહેવા માંગતા હોય, અદાલત સમક્ષ નમ્રતાપૂર્વક માફી માંગી રહેમ રાખવા અરજ કરેલ છે.

(૩) સાંભાળ્યા, આરોપીની સદરહુ ગુના કબૂલાત પુરસીશ વંચાણે લીધી તેમજ કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લીધું. આરોપી ખરેખર પોતાની મુક્ત સંમતિથી અને સ્વેચ્છાએ ગુનો કબૂલ કરે છે તેની અત્રે ખાતરી કરવામાં આવેલ છે. કેસના રેકર્ડ પરની તમામ હકીકતો લક્ષમાં લેતાં, આરોપી સામે પાસ–પરમીટ વગર દારૂ પીધેલ હોવાનો માત્ર આક્ષેપ છે. આરોપી તરફથી થયેલ રજૂઆત, ગુનાનો પ્રકાર અને પ્રથમ ગુનો હોવાની બાબત ધ્યાને લેતાં, જો તેઓને ન્યૂનતમ (ઓછામાં ઓછો) દંડ કરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સિદ્ધ થાય તેમ જણાય છે. જેથી, ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં રાખી આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે."

**<u>// હુકમ //</u>**

(૧) આ કામના **આરોપી– દિગંબર તેજનારાયણ ઝા** ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ–૨૬૪ અન્વયે તકસીરવાન ઠરાવી, ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)(ઈ) હેઠળના ગુના બદલ **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા)** ના દંડની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદરહું દંડની રકમ ભરવામાં કસૂર કરે, તો તેઓને **દિન–૨ (બે)** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) જો આરોપીએ જામીન પેટે કોઈ રોકડ રકમ અત્રેની અદાલતમાં જમા કરાવેલ હોય અને આ હુકમ સામે નિયત સમયમાં કોઈ અપીલ ન થાય, તો અપીલની મુદત વીત્યા બાદ સદરહું રકમ કાયદેસરની ખાતરી કરીને આરોપીને પરત કરવી. જો લાંબા સમય સુધી જમા રકમ પરત લેવા માટે કોઈ કાયદેસરનો હકદાવો કરવામાં ન આવે, તો તે રકમ સરકાર હસ્તક ખાલસા કરવી. આ કામે કબજે લેવામાં આવેલ બિન–કિંમતી મુદ્દામાલનો અપીલ સમય પૂર્ણ થયા બાદ નિયમાનુસાર નાશ કરવો. કિંમતી મુદ્દામાલ સંબંધે જો પૂર્વે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે સદરહું આખરી હુકમથી બિન–શરતી રીતે કાયમી કરવામાં

આવે છે અને જો કિંમતી મુદ્દામાલ સંબંધે પૂર્વે કોઈ હુકમ થયેલ ન હોય, તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા  ની કલમ–૪૯૮ અન્વયે હિત ધરાવતી વ્યક્તિ દ્વારા અલગથી અરજી કર્યેથી, મુદ્દામાલ સોંપણી અંગે નિયમ મુજબ અલગથી ન્યાયિક કાર્યવાહી કરવી.

આજ તારીખ:૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત મેજીસ્ટ્રેટશ્રીની ખાસ સીટીંગમાં આ આખરી હુકમ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**તારીખ : ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**(મોહંમદ ફરહાદ સલીમ લોહીયા)**
**બીજા એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ**
**UID no. GJ01676**